# શહેરના સ્વીમર્સે રાજય કક્ષાએ ૭ ગોલ્ડ જીત્યા

## ગાંધીનગરના સ્વીમર્સે કુલ ૨૫ મેડલ્સ જીત્યા : મનિષા ત્રિપાઠીએ ૪ ગોલ્ડ જયારે અશોક રાઠોડે ૩ ગોલ્ડ સાથે કુલ ૬ મેડલ્સ જીત્યા

ગાંધીનગર, તા.૧૫

તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ ૭મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૬માં ગાંધીનગરના સ્વીમર્સે ખુબ જ ઉત્કૃષ્ઠ દેખાવ કરવા સાથે ૭ ગોલ્ડ મેડલ સહિત કુલ ૨૫ મેડલ્સ જીતી શહેરનું નામ રોશન કર્યુંછે. આ સ્પર્ધામાં ગાંધીનગરની એક માત્ર મહિલા તરણવીર મનિષા ત્રિપાઠીએ ૪ ગોલ્ડ મેડલ જીતી ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે.

ગુજરાત સ્ટેટ એકવેટિક એસોસિએશન દ્વારા ૭મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એકવટિક ચેમ્પિયનશીપ તા. ૧૧મી સપ્ટેમ્બરે રાજકોટ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ગાંધીનગરના એક માત્ર વરિષ્ઠ મહિલા તરણવીર મનિષા ત્રિપાઠીએ ૬૦ થી ૬૪ વર્ષના વય જુથમાં કુલ ૪ ગોલ્ડ મેડલ જીતી તરખાટ મચાવી દીધો છે. આ મેડલ્સ તેમણે ૧૦૦ મીટરમાં બેક સ્ટ્રોક અને ફ્રી સ્ટાઈલ તથા ૨૦૦ મીટરમાં બ્રેસ્ટ સ્ટ્રોક અને ફ્રી સ્ટાઈલમાં જીત્યા છે. આ સાથે ગાંધીનગરના અન્ય તરણવીરોમાં અશોક રાઠોડે ૩ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૧ બ્રોન્ઝ સાથે કુલ ૬ મેડલ્સ, રણજીતસિંહ ઝાલાએ ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સાથે કુલ ૪ મેડલ્સ, રામભાઈ પરમારે ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સાથે કુલ ૪ મેડલ્સ, સી.જી. કસાવાએ પણ ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સાથે કુલ ૪ મેડલ્સ તેમજ મનિષે ૩ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. આમ ગાંધીનગરના તરણવીરોએ મળીને ૭ ગોલ્ડ મેડલ્સ સાથે કુલ ૨૫ મેડલ્સ હાંસલ કરી શહેરના નામનો ડંકો વગાડી દીધો હતો. આ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓ હવે આગામી દિવસોમાં સિકંદરાબાદ ખાતે યોજાનાર રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા જશે.



## @ગાંધીનગર

● ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન દ્વારા બપોરના ૨.૩૦ કલાકે સે-૧૬, રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ ખાતે ગુરુ દ્રોણ ડેવલપમેન્ટ સેન્ટરનો ઉદઘાટન કાર્યક્રમ યોજાશે.

### સે-૩ નવરાત્રી સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૩-બી નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા આગામી તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ રાત્રિના ૯ કલાકે બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે આ બેઠક સે-૩-બીના નવરાત્રી ચોક ખાતે મળશે. બેઠકમાં ઉપસ્થિત રહેવા વસાહતીઓને જણાવાયું છે.

### જે.એમ. ચૌધરી શાળામાં હિન્દી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

શહેરની જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે આજરોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેરે પ્રિય ત્યોહાર વિશે વિદ્યાર્થીઓએ હિન્દી ભાષામાં રજુઆત કરી હતી. શાળાના હિન્દી શિક્ષક ચૌધરી અંજનાબેન તથા દેસાઈ અંજનાબેનો સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય મીનાબેને બાળકોને હિન્દી ભાષાનું મહત્વ સમજાવ્યું હતુ. સ્પર્ધામાં પ્રથમ નંબરે ચૌધરી કમળા, દ્વિતીય નંબરે પટેલ નિપલ તથા તૃતીય નંબરે ચૌધરી સિદ્ધિ આવ્યા હતા. આ વિજેતા બહેનોને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક સેકટર-૨ અને શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ભાટ કોલેજ ખાતે એન્જીનીયર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચિરાગ બારોટ અને ભુપેન્દ્રભાઈ દ્વારા વર્ષ-૨૦૨૦માં એન્જીનીયરીંગની માંગ અને મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમજ આ પ્રસંગે ટેકનીકલ-રંગોળી, ડૉ. કલામનું સ્વપ્ન વિઝન-૨૦૨૦, ટેકનીકલ કવીઝ, ટેન્ડર હન્ટ તથા વેસ્ટ મીટીરીયલમાંથી કાર મેકીંગ, બ્લાઈન્ડ ફોલ્ટ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી.

# સે-૭ પોલીસે વધુ બે વાહનચોરોને પકડયા

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૭ પી.આઈ ડી.ડી.સોઢાની સુચનાથી પી.એસ.આઈ એમ.પી.ચૌહાણ અને તેમની ટીમે વધુ બે વાહન ચોરોને બાતમી આધારે દબોચી લીધા છે. સે-૮ સેંટ ઝેવિયર્સ સ્કુલ નજીકથી કડાદરા ગામનાં રવિરાજ ઉર્ફે ભદ્રેશ જયેન્દ્ર બિહોલા નામના શખ્સને ચોરીના પલ્સર બાઈક સાથે પકડી પાડયો હતો. તેણે ઓઢવ પોલીસ સ્ટેશનની હદમાંથી બાઈક ચોરી કર્યુ હોવાની કબુલાત કરતાં તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે. તો બીજી તરફ વાવોલ ઉવારસદ રોડ પરથી અમદાવાદ રાણીપ વિસ્તારમાં સ્થીત બળોલનગરનાં શખ્સ સાજન હનુમાન સોનીને ગઈ રાત્રે ચોરીના બાઈક સાથે એમ.પી.ચૌહાણ તથા તેમની ટીમે પકડી પાડ્યો છે. તેણે એકાદ મહિના પહેલા ઉસ્માનપુરા ગાર્ડન નજીકથી બાઈક ચોર્યુ હોવાની કબુલાત કરતા તેની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે.



## વાતવાતમાં

● ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગણેશ વિસર્જન માટે ઈન્દ્રોડા ખાતે ખાસ કુંડ તૈયાર કરવામાં આવ્યા હતા. ગણેશ વિસર્જનથી નદીઓમાં થતા પર્યાવરણીય નુકસાન અંગે જનજાગૃતિમાં વધારો થતા શ્રધ્ધાળુઓ દ્વારા આ વર્ષે આ કુંડમાં આશરે ૭૦૦થી ૭૫૦ જેટલા વિવિધ નાના મોટા ગણેશજીનું વિસર્જન કરાયું હતું.

● શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર આવી રહ્યા હોઈ તંત્ર તો સાબદું થઈ જ ગયું છે. આ સાથે ભાજપના વિવિધ અગ્રણીઓ દ્વારા શહેરમાં વડાપ્રધાનને આવકારતા હોર્ડિંગ્સનો જમાવડો થવા પામ્યો છે.

● વડાપ્રધાનના આગમનના પગલે એરપોર્ટથી વાયા કોબા સર્કલ થઈને રાજભવન સુધીના માર્ગનું સફાઈ કાર્ય હાથ ધરાયું હતું તેની કામગીરીનું જિલ્લા કલેકટર સહિતની ટીમે નિરીક્ષણ કર્યું હતું. આ માર્ગ પરથી તાજેતરમાં જ અંબાજી પદયાત્રીઓ પણ મોટા પ્રમાણમાં પસાર થયા હોવાથી સફાઈ અંગે અહીં વિશેષ કાળજી લેવાઈ છે.

● રાજયમાં પોલીસ તંત્ર દ્વારા ગણેશોત્સવ, બકરી ઈદ, અંબાજી મેળો તથા આગામી નવરાત્રિ ઉત્સવને ધ્યાનમાં રાખીને સપાટો બોલાવાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં પોલીસે વધુ ૩.૫૦ લાખનો દેશી દારૂ, ૬૫.૮૪ લાખનો વિદેશી દારૂ સહિત જુગારધારા હેઠળ રૂ. ૭.૩૪ની મત્તા સાથે કુલ ૧૩૨૩ આરોપીઓની અટકાયત કરી છે.

● ગાંધીનગરમાંથી શુક્રવારે ભાદરવી પૂનમના મેળે અંબાજી તેમજ નજીકના સ્થળો જેવા કે રૂપાલ, ગિયોડ, અંબોડ અને પેઢામણી વગેરે સ્થળે દર્શન કરવા મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જશે. શહેરના કેટલાક પત્રકારો પણ ગાંધીનગરથી રૂપાલ પગપાળા ચાલતા દર્શનાર્થે જવાના છે.

# રખડતુ શ્વાન આડુ આવતા બાઇક સવાર યુવાનનું મૃત્યુ

## ચાર દિવસથી હોસ્પિટલાઈઝ્ડ ૨૨ વર્ષિય યુવાને અંતે દમ તોડયો : કોબા કે-રાહેજા રોડ પર અકસ્માત સર્જાયો હતો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર આસપાસનાં વિસ્તારોમાં રખડતા ઢોરોનો ત્રાસ જીવલેણ સાબીત થઈ રહ્યો છે. પહેલા કુડાસણ નજીક એક મહિલાનુ મૃત્યુ વાહનને આડે ઢોર આવતા થયાની ઘટના બની હતી તે ઉપરાંત સુઘડ ખાતે રહેતા એક વૃધ્ધ એકટીવા લઈને કોબાથી શાહપુર સર્કલ રોડ પર પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં આડે ગાય આવતા તેમને ગંભીર અકસ્માત નડ્યો હતો અને સારવાર દરમ્યાન વૃધ્ધનુ અમદાવાદ સિવિલમાં મૃત્યુ નિપજ્યુ હતુ. ગઈ કાલે શ્વાન આડે આવતા બાઈક સ્લીપ થઈ જતા ઘવાયેલા યુવાનનુ સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યુ હતુ. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

અમદાવાદ ખાતે રહેતો નિપુર્ણ જયંતિલાલ ખલાશ અને તેનો મિત્ર ગૌરવ અશ્વિનભાઈ પટેલ બંને બાઈક લઈને કોબા કે-રાહેજા રોડ પરથી ૧૨ સપ્ટેમ્બરે જઈ રહ્યા હતા ત્યારે અચાનક રખડતુ શ્વાન રસ્તા પર આડે આવી જતા તેમનુ બાઈક સ્લીપ ખાઈ ગયુ હતુ અને બંને મિત્રો ઘાયલ થયા હતા. ગૌરવની હાલત ખુબ જ ગંભીર હતી અને ચાર દિવસથી સારવાર હેઠળ હોસ્પિટલાઈઝ્ડ હતો. ગઈ કાલે તેનુ સારવાર દરમ્યાન કરુણ મોત નિપજ્યુ હતુ. ગૌરવના મૃત્યુના સમાચારથી પરિવારજનો અને મિત્રોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે. પોલીસને આ મામલે જાણ થતા મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી વિસનગર રહેતા મૃતકનાં મોટા ભાઈ ધવલકુમારની ફરિયાદને આધારે બાઈક ચાલક નિપુર્ણ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૫

બી.એ. હોમ સાયન્સ વિભાગ દ્વારા કોલેજમાં રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પોષણ સપ્તાહ અંતર્ગત હેલ્ધી બેકરી વર્કશોપ, આનંદમેળો, પોષણયુકત આહાર વિતરણ તથા તજજ્ઞોના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. હેલ્ધી બેકરી વર્કશોપમાં શેફ કનિનીકા મહેતા દ્વારા ઘઉંનો લોટ, ઓટસ, રાગી, ખજુર, કોપરું જેવા હેલ્ધી મટીરીયલ્સમાંથી બાળકના મનપસંદ વિવિધ બીસ્કીટસ, કુકીસ, કેક, ચોકલેટસ વગેરે વિદ્યાર્થીનીને શીખવવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હેલ્ધી વાનગીઓના ફુડ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. હોમ સાયન્સ અધ્યક્ષ પ્રા. પ્રતિમા છનિયારા દ્વારા વિદ્યાર્થીનીઓને કુપોષણ તથા તેને કેવી રીતે દૂર કરવું જોઈએ તે અંગે ફીલ્મ અને પીપીટી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સપ્તાહ દરમિયાન હોમ સાયન્સ વિભાગ દ્વારા વૃધ્ધાશ્રમ તથા સ્લમ એરિયાના બાળકોમાં આહાર વિતરણ કરાયું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ આ પોષણ સપ્તાહની ઉજવણીમાં ભાગ લીધો હતો. કાર્યક્રમના આયોજનમાં ડૉ. હેમાંગીની વાઘેલા, પ્રા. સજ્જનબેન ચૌધરી તથા મનિષાબેન ચૌધરી સહભાગી થયા હતા. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી દ્વારા પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું.

## કોબા ખાતે મકાનના પઝેશન આપવા મામલે મારામારી

ગાંધીનગર, તા.૧૫

અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલ હરિદર્શનનગર બંગ્લોઝ ખાતે રહેતા વિમલભાઈ સારાભાઈ શાહ ગઈ કાલે કોબા રાજલબ્ધી ફલેટ ખાતે ગયા હતા અને ફલેટના પઝેશન બિલ્ડરે ન આપતા તેના કર્મચારી સાથે માથાકુટ થઈ હતી. ખોરજ ગામમાં રહેતા કર્મચારી અલ્પેશભાઈ જયશવંતસિંહ સોલંકીને લાફા મારીને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની પોલીસ ફરિયાદ ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાવા પામી છે. જમાદાર વિરેન્દ્રસિંહે વિમલ શાહ સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# એસ.જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં દેશભક્તિ ક્વિઝ યોજાઇ

ગાંધીનગર, તા.૧૫

એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં આજે દેશભક્તિ ક્વિઝ કોમ્પિટીશન સ્પર્ધા યોજાઈ ગઈ. બાળકોમાં દેશભક્તિ વિષયક જ્ઞાન વધે તે હેતુથી કડી કેમ્પસ સેક્ટર -૨૩ માં આવેલ નાથીબા હૉલમાં તા-૧૫-૯-૨૦૧૬ ને ગુરૂવાર ના રોજ ધો-૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે હાઉસ પ્રમાણે દેશ ભક્તિ વિષયક પ્રશ્નોતરી સ્પર્ધાનું આયોજન થયું. જેમાં દરેક હાઉસના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ નંબર યલ્લો હાઉસ એ મેળવ્યો હતો.

આ કાર્યક્રમનું સંચાલન તેમજ એંકરિંગ શાળાના શિક્ષક સુહાસ ચૌધરીએ કર્યુ હતું. તેમજ આ કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષક સુખરામ એમ. ચૌધરી, દિવ્યા પંડયાએ કર્યુ હતું. આચાર્યા મિલી મેડમના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.



# દેના ગુજરાત ગ્રામીણ બેંકનો સ્થાપના દિન ઉજવાશે

## સે-૭-ડી શાખામાં રકતદાન કેમ્પ, બોડી ચેક અપ કેમ્પ, આધારકાર્ડ કેમ્પ સાથે કસ્ટમર મીટ અને વિવિધ લોન વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં દેના ગુજરાત ગ્રામીણ બેંકની સે-૭-ડીમાં ચૌધરી કોલેજ કેમ્પસમાં આવેલ શાખા ખાતે તા. ૧૭મી સપ્ટેમ્બરે શુક્રવારે સવારે ૧૦.૩૦ કલાકે બેંકના ૧૨માં સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવનાર છે. આ પ્રસંગે બેંક દ્વારા રકતદાન કેમ્પ, બોડી ચેક અપ કેમ્પ, આધાર કાર્ડ કેમ્પ ઉપરાંત કસ્ટમીર મીટ અને વિવિધ લોન વિતરણ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

દેના ગુજરાત ગ્રામીણ બેંકના ૧૨માં સ્થાપના દિનની સે-૭-ડીમાં આવેલ શાખા દ્વારા ઉજવણી કરવામાં આવનાર છે. આ પ્રસંગે શાખાના ગ્રાહકોનો મિલન સમારંભ યોજવામાં આવ્યો છે. તેમજ વિવિધ સરકારી એજન્સીઓ દ્વારા લોન વિતરણ સહિત વિવિધ કાર્યો હાથ ધરવામાં આવનાર છે. આ પ્રસંગે બેંક દ્વારા સામાજિક જવાબદારીના ભાગ રૂપે રકતદાન કેમ્પ, બોડી ચેક અપ કેમ્પ અને આધાર કાર્ડ કેમ્પનું પણ આયોજન કરાયું છે. આ સેવાઓનો લાભ લેવા બેંકના ગ્રાહકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# આજે નિસર્ગ દ્વારા ઓઝોન દિવસ ઉજવાશે

## ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સંયુક્ત ઉપક્રમે વીપીએમપી પોલિટેકનિક કોલેજ ખાતે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

આજે તા. ૧૬મી સપ્ટેમ્બરે સમગ્ર વિશ્વમાં ''ઓઝોન દિવસ''ની ઉજવણી કરાશે. ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ આ દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

આ અંતર્ગત સે. ૧૫માં વીપીએમપી પોલિટેકનિક કોલેજ ખાતે તા. ૧૬ સપ્ટેમ્બરે બપોરે ૧૨ કલાકે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સંયુક્ત ઉપક્રમે ઓઝોન દિવસની ઉજવણી કરાશે. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર સતિષભાઈ પટેલ ઉદ્‌ઘાટક તરીકે તેમજ વન વિભાગના એસીએફ હેમંતભાઈ સુથાર નિષ્ણાંત તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે અતિથી વિશેષ પદે જીપીસીબી ગાંધીનગરના વરિષ્ઠ પર્યાવરણ ઈજનેર વી.એસ. પટેલ, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ, વીપીએમપી પોલિટેકનિક કોલેજના પ્રિન્સિપાલ આનંદભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ વર્ષે ઓઝોન દિવસની ઉજવણીની થીમ ''ઓઝોન અને કલાયમેટ : વિશ્વએ હાથ મિલાવી નવપલ્લવિત કર્યું'' રાખવામાં આવી છે.

ઓઝોનના પડમાં પડેલ ગાબડુ એ વિશ્વ માટે ગંભીર સમસ્યા છે. સૂર્યમાંથી નિકળતા પારજાંબલી કિરણો સીધા પૃથ્વી પર પડે તો માનવીને ચામડીના રોગો તેમજ કેન્સર થવાની શક્યતા છે. આ સમસ્યા અંગે ભારત સહિત વિશ્વના ૯૩ દેશોએ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૮૭માં મોન્ટ્રીલ કરાર કરી જનજાગૃતિના પ્રયત્નો હાથ ધર્યા છે.

# શહેરનું યુવાધન દારૂ, જુગાર અને માંસાહારને રવાડે

## મોજમસ્તી માટે કરેલા શોખ હવે વ્યસનમાં પરિવર્તિત, મિત્રો વચ્ચે વિચારોના આદાન પ્રદાનમાં પણ મુખ્યત્વે કુટેવો જ વિષય બની, વાલીઓએ સચેત થવાની આવશ્યકતા

ગાંધીનગર, તા.૧૫

સમસ્ત સંકટોનું મુળ કારણ બને છે મનુષ્યની કુટેવો અને તેની દુર્બુધ્ધિ. શહેરના યુવાધનમાં વ્યસન નામનો વાયરસ ફેલાયો છે. આ યુવાધન ખુણે ખાંચરે, બહારગામ, પર્યટન સ્થળોએ કે મિત્રો સાથે દારૂ, જુગાર, માંસાહાર અને વ્યભિચારની મહેફીલો માંડી રહ્યું છે. શરૂઆતમાં મોજમસ્તી માટે કરેલો શોખ હવે વ્યસન થઈ પડયો છે. જેથી વિચારોના આદાન પ્રદાનમાં પણ ફકત આ કુટેવો જ ચર્ચાઈ રહી છે. યુવકોમાં શોર્ય, સાહસ અને પરાક્રમરૂપી શકિત છુપાયેલી છે જે હાલમાં અવળા માર્ગે ચડી ગઈ છે. જેથી આ યુવાનોની પ્રતિભાને યોગ્ય માર્ગે લઈ જવા વાલીઓએ અને સમાજે સચેત થવાની જરૂરિયાત ઉભી થઈ છે.

શિક્ષિત અને સંસ્કારી નગરી ગાંધીનગરનું યુવાધન પોતાની મૂળભૂત શકિતઓનો વ્યય વ્યસન પાછળ કરી રહ્યું છે. શહેરમાં ઠેક ઠેકાણે યુવાધન નશામાં ધૂત હોય તેવું પ્રથમ દષ્ટિએ લાગી રહ્યું છે. દારૂ, જુગાર, માંસાહાર અને વ્યભિચારના રવાડે ચડેલું આ યુવાનધન પોતાના કુટુંબને પણ બરબાદીમાં ધકેલી રહ્યું છે. વધુમાં પોતાના મિત્રોને પણ આ કુટેવોની ચર્ચામાં લઈ તેમનો પણ આ બરબાદીના પંથે લઈ જવા મજબૂર કરતા હોવાનું પણ જાણવા મળ્યું છે. આ દુષણોમાં ધંધાદારી, નોકરીયાત અને વ્યવસાયિક યુવા વર્ગ પણ ધીમે ધીમે જોડાઈ રહ્યો છે. જે ઘરથી દુર ખાસ પ્રવાસ આયોજીત કરી વ્યસનને પોષે છે તેવું પણ લોકોનું માનવું છે.

આવા મોજશોખ કરી વ્યસને ચડેલ યુવાધન ભર યુવાનીમાં જ મોતના મુખમાં સમાઈ જતા હોય છે. સાથે સાથે નાની ઉંમરમાં જ કોઈની દિકરીને વિધવા બનાવી કે પોતાના સંતાનોને નિરાધાર બનાવી દઈ સમગ્ર કુટુંબને મુશ્કેલીમાં મુકી દે છે. જેથી આવી વિચારસરણી વાળા લોકોને યોગ્ય માર્ગે લાવવા વાલીઓએ અને સમાજે જાગૃતતા કેળવવી પડશે. સત્ય, અહિંસા, પ્રેમ, કરૂણા, સદાચાર જેવા સિધ્ધાંતો પૂરાતન હોવા છતાં શાશ્વત અને આદરણીય છે અને તેની પાછળ કોઈકને કોઈક મર્મ છુપાયેલો હોય છે જેને યુવાધને સમજવો જોઈએ. વધુમાં પોતાના વિચારોને બદલવા જોઈએ. વિચાર એક પ્રચંડ અને અપાર શકિત છે. મનુષ્યનું શરીર વિચારોથી જ પ્રભાવિત થાય છે. વિચારોના યોગ્ય ઉપયોગથી મનુષ્ય અનેક ઉપાધિમાંથી બચી શકે છે સારા કે ખરાબ વિચારોની અસર વાતાવરણ ઉપર પણ પડે છે જેથી વ્યસન અને દુરાચાર દૂર કરવા સારા વિચારોનું આદાન પ્રદાન હવે સમયનો તકાજો બન્યું છે જે યુવાધન માટે અત્યંત જરૂરી બન્યું છે.




ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા સે-૧૩માં આવેલી સદભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રના બાળકો માટે ચિત્ર હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. લાયોનેસ સભ્ય વીણાબેન વોરા તરફથી બાળકોને ફ્રુટ, ચોકલેટ તથા ઈનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રમુખ દેવલબેન જોષી, સેક્રેટરી મીતલ રાણા, વીણાબેન વોરા તથા સ્વાતિબેન ચોકસી હાજર રહ્યા હતાં.

## ચિરવિદાય

● સ્વ. ભીમાભાઈ ભવાનભાઈ ભરવાડ, ઉ.વ. ૩૫